## મેયર અને પાલિકાના ઉચ્ચ અધિકારીઓ જોડાયા

# આપત્તિના સમયે શું કરી શકાય ? વર્કશોપ યોજાયો

। વડોદરા ।

શહેરમાં અચાનક આવી પડતી આપત્તિઓના વ્યવસ્થાપન અને નિવારણના ભાગરૂપે મેકિંગ સિટી રેસિલીએન્ટ કેમ્પેઈન અંતર્ગત વડોદરા શહેરનો સમાવેશ થયો છે. જેના અમલીકરણના સંદર્ભમાં જી. આઈ.ડી.એમ. (ગુજરાત ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ) અને યુનાઈટેડ નેશન ઓફિસ ફોર ડિઝાસ્ટર રિસ્ક રેડ્યુક્સશન - ગ્લોબલ એજ્યુકેશન એન્ડ ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટ, સાઉથ કોરિયા દ્વારા સંયુક્તપણે વડોદરા મહાનગર પાલિકામાં આજે પંડિત દિનદયાળ નગરગૃહ ખાતે વર્કશોપ યોજવામાં આવ્યો હતો.

જેમાં મેયર નિલેશ રાઠોડ, સ્થાયી સમિતિના અધ્યક્ષ ડૉ. હિતેન્દ્ર પટેલ, ડે.મ્યુનિ.કમિશનર હસમુખ પ્રજાપતિ સહિત જુદા - જુદા વિભાગના ૫૦ જેટલા અધિકારીઓ ઉપરાંત જી.આઈ.ડી.એમ.ના અધિકારીઓ હાજર રહ્યા હતા. જે દરમિયાન યુ.એન.ડી.આર.આર. (સાઉથ કોરિયા) તથા ગીફ્ટ સિટી ગાંધીનગરના નિષ્ણાંતો ઓનલાઈન જોડાયા હતા. જેમાં નગરરચના કેવી રીતે કરવી ? કુદરતી અને કૃત્રિમ આપત્તિઓ સામનો કેવી રીતે કરવો? આપત્તિ આવ્યા પછી તેનું નિવારણ ઝડપથી કેવી રીતે લાવવું? સહિતના મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી.